સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

નિયું બધું જ જમીનદોસ્ત ત્યારે ચણવા બેઠા છે!
ને ફેલાઇ ગયું કેન્સર ત્યારે ખણવા બેઠા છે!
વણવા બેઠા વસ્ત્ર, 'અર્જુન' નગ્ન પરિસ્થિતિમાં -
કોહવાઇ ગયા કાયદા ત્યારે ભણવા બેઠા છે!
(શ્રી મોઢવાડિયા પરીક્ષામાં બેઠા)

ખૂબ હસાવી
હરસૂર ગઢવી -
રડાવી ગયા..
(દુખદ નિધન)

પાણી ટાંકીને
નડે પક્ષા-પક્ષી નું -
'કનેક્શન'
('લાઇટ' નથી મળતી)

હાઈકુ

ચિંતન

विवेकः सहसंहत्या विनयो विद्यया सह ।
प्रभुत्वं प्रश्रयोपेतं चिह्नमेतन महात्मनाम् ॥

'સંયમની સાથે વિવેક અર્થાત કોણ સારું કોણ ખરાબ, સારા-ખોટાંની પરખ, વિદ્યાની સાથે વિનય અને સત્તા સાથે નમ્રતા - એ મહાનતાના લક્ષણ છે.'

કેટલાક લોકો 'તપ' તો કરે છે પછી એ તપ સામાજિક સેવાના ક્ષેત્રમાં હોય કે ધર્મ આધ્યાત્મિક ક્ષેત્રમાં હોય સત્તા-સેવા ક્ષેત્રનું પણ હોઇ શકે આવાં તપનું લક્ષિત પરિણામ પણ કદાચ મળે, પણ વ્યક્તિને પોતે જે 'તપ' કર્યું હોય એનું અભિમાન આવી જાય એ બરાબર નથી. સંયમ સાથે બુધ્ધિ-વિવેક, સારું-ખોટું જાણવાની. નિર્ણય કરવાની શક્તિ આવે તે જરૂરી છે..

વિદ્યા પછી એ સર્વોત્તમ ડિગ્રી હોય કે કોઇ યાંત્રિક-ટેકનીકલ જ્ઞાન પણ તેને કારણ મદ-અભિમાન સાથે ઉછૂંખલતા-ઉધ્ધતાઇ કે આવડતનું ઘમંડ ન આવવું જોઇએ. વિદ્યાની સાથે નમ્રતા-વિનય પણ હોવો જરૂરી છે.

સત્તા-પદની ગરિમા તો જ સચવાય કે એની સાથે વ્યક્તિ વિનમ્ર હોય, દરેકને વાત-વાતમાં અપમાનિત કરી ઉતારી પાડે એમાં પદનું ગૌરવ રહેતું નથી. નમ્રતા-વિનય અને ક્ષમાથી જ પદનો વૈભવ વધે છે.

આવા સદ્‌ગુણ હોય એમાં જ મહાનતા સમાયેલી હોય છે.

સુવિચાર

- *ખરાબ પરિસ્થિતિમાં જ સારા અને સાચા માણસની પરખ થાય છે* - ચાસીગો
- *આપણે આપણા પરસેવાથી, મહેનતથી આગળ આવવું જોઇએ, કોઇની મહેરબાનીથી નહીં* - યુચીકો
- *કોઇ કામ કરવા બાબતે ખૂબ લાંબા વિચાર કર્યા કરવો એ કામ બગડવાનું એક કારણ છે* - ઇવાયંગ
- *માફ કરી દેવું એટલે દુશ્મન પર વિજય મેળવવો* - આરિકશા
- *વિવેક માત્ર સચ્ચાઇમાં જ જોવા મળે છે* - ગેટે
- *જેની પાસે પ્રેમ છે એ ગરીબ હોઇ જ કેમ શકે?* - ઓસ્કાર વાઇલ્ડ
- *મને મોડા પડવાના કારણોમાં જરા પણ રસ નથી, પણ કામ જરૂર પૂરું થવું જોઇએ* - પં. નહેરૂ

બોધકથા

જગ વિખ્યાત વિજ્ઞાની થોમસ આલ્વા એડીસન એક ધીરજવાન સંશોધક હતા. જેને વિદ્યા પ્રાપ્ત કરવી જ હોય એણે હતાશા-નિરાશા ખંખેરીને સદાય સફળ થવા પ્રયત્ન જ રાખવા જોઇએ. થોમસે એકવાર ત્રણ વર્ષ સુધી એક શોધ માટે પ્રયોગો કર્યા જ કર્યા. તેમના સાથીઓ પણ કંટાળી તેમને છોડી ગયા. કોઇએ તેમને એ શોધ પડતી મૂકવા સલાહ આપી ત્યારે એમણે કહ્યું, કેટલીવાર ૯૯૯ માર્ગથી નિષ્ફળતા મળે પણ કદાચ હજારમાં પ્રયત્ને સફળતા મળે પણ ખરી!

આવા આ થોમસ આલ્વા એડીસન ભૂલકણા પણ એવા જ હતા. આજે એમની એ બાજુ પણ જાણીને એકવાર એ ટ્રેનમાં પ્રવાસ કરતાં. ટીકીટ ચેકર આવ્યો. ટિકીટ માગી. થોમસે ખિસ્સાં ફંફોળ્યાં. પર્સ જોઇ, બેગ ખોલી પણ ટીકીટ ક્યાં મૂકી છે એ ભૂલી ગયા હતા.

ટિકીટ ચેકર તેમનો વિદ્યાર્થી નિકળ્યો જે એમના આ ભૂલક્કડ સ્વભાવથી પરિચિત હતો. તેણે કહ્યું સાહેબ, તમે ટીકીટ લીધી જ છે એનો મને સંપૂર્ણ વિશ્વાસ છે, માટે હવે ટીકીટ શોધવાની મહેનત નહીં કરો તો ચાલશે!

તરત પ્રોફેસર બોલ્યા, 'ભાઇ તને તો ચાલશે પણ હવે મને મારા માટે પણ શોધવી જ પડશે કારણ કે હું ક્યાં અને શા માટે જઇ રહ્યો છું એ પણ ભૂલી ગયો છું. જો ટીકીટ મળે તો મારે ક્યાં ઉતરવું છે એ યાદ આવી જશે!'

વેલકમ, પી. સંગમા... અને રામસેતુની અવટવ! સાવધાન, સીર ક્રિકમાં પીછેહટ ના થાય!

મારી નજરે
- વિષ્ણુ પંડ્યા

જો સંગમા રાષ્ટ્રપ્રમુખ બને તો -

સરકાર યુપીએની (એટલે કે મુખ્યત્વે કોંગ્રેસની હોય) અને રાષ્ટ્રપતિ વિરોધપક્ષના હોય એવું બને?

અણસાર તો એવા છે. ગઇ કાલે મુખ્યપ્રધાનો સાથેની બેઠક થઇ ત્યારે તેનો અંદાજ આવ્યો છે. પણ એ પહેલાં એનસીપીએ પોતાનો ખેલ પાડી દીધો! રાષ્ટ્રવાદી કોંગ્રેસના શરદ પવારને કોંગ્રેસની સાથે બહુ મેળ પડતો નથી. કેટલીક બાબતોમાં તેમણે કેન્દ્ર સરકારની નીતિ અને પગલાંનો વિરોધ પણ કર્યો હતો. હવે આ મહત્ત્વાકાંક્ષી રાજકારણીને એવું લાગે છે કે કોંગ્રેસ પોતાના ભારથી તૂટી રહી છે. સોનિયા કે રાહુલ ગાંધી તેને બચાવી શકવાનાં નથી. એટલે આ બાહોશ રાજકારણીએ 'દૂધમાં અને દહીમાં' રમવાનું ચાલુ કરી દીધું! આમેય વિપક્ષો અને અન્ય બિનકોંગ્રેસી પક્ષોના નેતાઓની સાથએ તેમના સંબંધો ઘણા સારા છે. કોંગ્રેસને ય લાગે છે કે આ માણસ ક્યારે બીજી છાવણીમાં ફૂટી પડશે તેનો ભરોસો નહીં.

શરદ પવારના પક્ષે, એટલે એવું સૂચવ્યું છે કે આગામી રાષ્ટ્રપતિ તરીકે સંગમાની પસંદગી કરવામાં આવે. સંગમા લોકસભાના કુશળ સ્વીકર રહી ચૂક્યા છે. કોંગ્રેસમાંથી જ રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં ગયાં છે. બંધારણીય જાણકારીમાં તેઓ ઘણા આગળ છે. તેમને રાષ્ટ્ર પ્રમુખ બનાવવામાં આવે તો દેશનાં 'સેક્યુલરિઝમ' નેય નવું છોગું મળે. કેમ કે સંગમા વનવાસીમાંથી ઇસાઇ થયેલાં છે.

હવે જો સંગમાને, ઉત્તરપ્રદેશમાંથી એસ.પી. (કે) માયાવતી, ઓરિસ્સામાંથી બીજુ પટનાયક, તમિલાનાડુથી જયલલિતા, આંધ્રમાંથી નાયડુ અને બંગાળમાંથી મમતા બેનરજીના પક્ષોનો ટેકો મળી જાય તો? ભાજપ સૌથી મોટો વિરોક્ષ પક્ષ છે, આવી તક ગુમાવે તેમ નથી; તે પણ જો આ બધાને ટેકો આપે તો કોંગ્રેસ ને ય. મને- કમને સંગમાનું સમર્થન કરવું પડે અથવા પોતાનો ઉમેદવાર ઊભો રાખે તો તેની સામે સંગમાના મજબૂત સંઘર્ષની તૈયારી કરવી પડે!!

રાષ્ટ્ર પ્રમખની ચૂંટણીના રંગમંચ પર અદ્‌ભૂત નાટક થવાની તૈયારી છે.

ફરી વાર મામલો સીર ક્રીકનો

અખબારોના અહેવાલોમાં એ વાત ચૂકાઇ ગઇ અથવા તેને બહુ મહત્ત્વ ન અપાયું કે મુખ્યપ્રધાનોની બેઠકમાં ગુજરાતે સીર ક્રીકનો સવાલ ઊઠાવ્યો હતો. મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ વિસ્તારમાં કુદરતી ભંડારો પડ્યા છે. તેના પર ધ્યાન આપવાથી સુરક્ષાને ય મદદ મળશે.

તેમની વાત સાચી છે. ત્રીસેક વર્ષ પહેલાં રશિયન ભૂસ્તર શાસ્ત્રી નિષ્ણાંતોની ટીમે કહ્યું હતું કે સીર ક્રીકના પેટાળમાં પેટ્રોલિયન અને ગેસની શક્યતાઓ પડી છે. ત્યારથી પાકિસ્તાને જૂની ટોપલીમાંથી સવાલ ઊઠાવ્યો કે સીર ક્રીકનું યોગ્ય દરિયાઇ સીમાંકન થયું જ નથી! આનો ગર્ભિત અર્થ એ છે કે પાકિસ્તાને સીર ક્રીકમાં જેટલો હાથ આવે એટલો કબજો કરવામાં રસ છે. સીર ક્રીક ભારતનું હતું અને એ તો પુરવાર થયેલી હકીકત છે. વીસેક વર્ષ પર મ.કુ. હિંમતસિંહજીએ ભૂજનાં તેમના નિવાસસ્થાને મળવાનું થયું. ત્યારે તેમણે દસ્તાવેજોની સાથે જણાવ્યું કે સીર ક્રીક તો આઝાદી પહેલાંથી જ કચ્છનો ભાગ રહ્યું છે. તેનો વિવાદ વાહિયાત છે. ભારતે સ્પષ્ટપણે કહી દેવું જોઇએ કે આ બિન વિવાદાસ્પદ મામલે મંત્રણાની યે કોઇ જરૂર નથી.

પણ દિલ્હીમાં બેઠેલા વિદેશખાતાનાં સરકારી બાબુઓએ તો રાબેતા મુજબ સીર ક્રીકને મંત્રણાના એજંડામાં સામેલ કરી દીધું, તે આજ સુધી મંત્રણાઓ થાય છે, 'પોઝિશન પેપર' રજુ થાય છે, ખાણીપીણી અને ચર્ચા થાય છે. ક્યારેક લાહોરમાં, ક્યારેક દિલ્હીમાં!

ગુજરાતના મુખ્યપ્રધાને વાજબી રીતે સુરક્ષા માટેની પરિષદમાં આ આવાજ ઉઠાવ્યો છે. કચ્છે પણ અગાઉ છાડબેટ ખોયું છે. હવે સીર ક્રીક ન ખોવયા તેની તકેદારી રાખવી જોઇએ.

રામસેતુ : ટુ બી ઑર નૉટ ટુ બી?

રામ સેતુને ભારતની પરંપરાનાંપ્રાચન સ્મારક તરીકે ઘોષિત કરવામાં કેન્દ્ર સરકારને વાંધો શો છે?

સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલા આ કેસમાં કેન્દ્ર સરકાર તરફથી હજુ કોઇ નિર્ણય લેવાયો નથી એવો ગઇકાલનો અહેવાલ છે. આનો અર્થ એવો થાય છે કે જે કોંગ્રેસ તેમના પૂર્વજ મહાપુરૂષ મહાત્મા ગાંધીજીનાં જીવન અને સંદેશને અનુસરવાનો દાવો કરી રહી છે. તેમને ગાંધીના 'રામ' કે 'રામરાજય' માં જરીકેય શ્રધ્ધા નથી. જો હોત તો, હજારો વર્ષથ હિંદુ પ્રજા જે સ્થાનમાં અનન્ય શ્રધ્ધા અને આસ્થા ધરાવે છે. તે દક્ષિણ સાગરનાં રામસેતુને સ્મારકમાં ફેરવવાનો વાંધો હોઇ શકે?

પણ ના. ગાંધીજી કે વિવેકાનંદ, સ્વામી રામદાસ કે ગુરુ નાનક - તેમના ઉપદેશોની સાથે સરકારને લેવા દેવા નથી કારણ કે, બંધારણે તેને એક સરસ મજાનું રૂપાળું મહોરું - નામે 'સેક્યુલરિઝમ' - આપી દીધું છે. તે બીજા સંપ્રદાયોને માટે નહીં પણ હિંદુ પ્રજા માટે લાગુ પાડવાનું વારંવાર પરાક્રમ શાસકો કરતા રહે છે. કેમ કે ખુદ હિંદુ પ્રજા શાંત છે, સહિષ્ણુ છે. ધારો કે એકાદ ઇસ્લામ કે ખ્રિસ્તી જગ્યા માટે આવો વિવાદ હોત તો સરકાર દુવિધાગ્રસ્ત રહી હોત ખરી?

'સેક્યુલરિઝમ' નો અર્થ આપણે ત્યાં હિંદુઓને ફટકારવા અને બીજાઓને રાજી રાખવા - એટલો જ થાય છે... આ કમનસીબ પ્રથાનું જ પરિણામ છે કે રામસેતુમાં સરકારને કોઇ રસ નથી. અને કથિત 'પ્રગતિશીલ' બુધ્ધિજનો... તો આમાં ક્યાંથી કંઇ બોલે?

બસ હવે બહુ થયું!

ઘણીવાર તમને પણ એવું થતું હશે કે આપણો દેશ કેવા ખતરનાક અસંતુલન અને ભેદભાવની વચ્ચે જીવી રહ્યો છે?

એક તરફ તો દેશની એંસી ટકા વસ્તી તદ્દન ગરીબ છે. આયોજન પંચના હિસાબ મુજબ ૧૩ રૂપિયાની વધુ કમાય તેને 'ગરીબ' ના કહેવાય. કરિયાણાની દુકાને, મજૂરી કરનારી બાઇને સો-બસો ગ્રામ છૂટક તેલ મળતું નથી અને કિલોગ્રામ તેલ ખરીદવાની તેની ત્રેવડ નથી. મધ્યમ વર્ગ માંડમાંડ બે છેટા ભેગા કરે અને ગૃહિણીને રસોડાનું બજેટ સાચવતા દમ નીકળી જાય... કમાણીનાં નાણાંથી થોડીક વધુ રકમ માટે લાંચ રૂશ્વચનાં રસ્તા શોધવા પડે છે.

આ સંજોગોમાં જયારે એમ કહેવામાં આવે કે ૧૦૦ કરોડના દેશમાં માંડ ૫૦૦ - ૭૦૦ એવા લોકો છે, જેની પાસે દેશની કમાણીનો નેવું ટકા હિસ્સો છે, તો તમે શું કહેશા? આ નાણાં તો થોડાક અદાણીઓ, અંબાણીઓ, મિત્તલો કે મુઠ્ઠીભર રાજકારણીઓ અને બાબુ સાહેબોના જ ખિસ્સામાં હોવાનોને? તેઓ અબજોનાં હેલિકોપ્ટર વસાવે છે, શાનદાર બંગલાઓ ઉમેરે છે...

અને, આજના સમાચાર તેની સાથે જોડી દો. ફિલ્મી 'કલાકાર' (આ કલાકાર શબ્દ તેમને લાયક નથ. તેઓ માત્ર ફિલ્મી પરદા પરના ધંધાદારી નચવણિયા છે.) શાહરૂખ ખાને આઇપીએલ પાર્ટીમાં ૧૪ લાખ રૂપિયાની એક દારૂની બોટલ - એમ થોડીક બોટલો ખૂલી મુકી. પછી ઢીંચણીયા ક્રિકેટ બહાદુરો ૩૭ લીટર મોંઘો દારૂ ઢીંચી ગયા!

શું આવા ક્રિકેટરો અને અભિનેતાઓનો દેશની પ્રજાએ બહિષ્કાર કરવાના દિવસો નથી આવ્યા?

મોંઘવારી

કહે છે કે પેટ્રોલ કંપનીઓએ સરકારને કહી દીધું છે કે અમને પેટ્રોલમાં ભાવવધારો કરવા દો, નહીંતર પ્રતિ લીટર બીજા દસ રૂપિયા વધારી દઇશું!

આ ધમકીનું કારણ શું છે? એક જ, એ કેન્દ્રમાં તદ્દન નબળી સરકાર રાજ કરે છે ન તો તેના વડાપ્રધાનમાં કોઇ દમ છે, ન ફાંકેબાજ મિનિસ્ટરોમાં. 'અપની અપની ઢફલી, અપના અપના રાગ' વાળી સ્થિતિ છે. કોઇ મિનિસ્ટર કોઇના કહ્યામાં નથી, પોતાને ફાવે તે રીતે વર્તે છે, ફાવે તેમ બોલે છે.

આનું તાજું પરિણામ દિલ્હીની ત્રણ મ્યુનિસિપાલીટી કોર્પોરેશનોમાં કોંગ્રેસ હારી ગઇ. કારણ એ નથી કે ત્યાં ભાજપ બહુ શક્તિશાળી બની ગયો છે. દેખીતું કારણ એ છે કે પ્રજા મોંઘવારીથી ત્રાહિમામ થઇ છે એટલે તેણે કોંગ્રેસને બોધપાઠ ભણાવી દીધો.

મોંઘવારીની પીડા પાસે બીજું કોઇ હથિયાર કામ લાગતું જ નથી. સેક્યુલરિઝમ, સમાજવાદ, વિકાસ... બધું કાગળ પર રહે છે. એક આદિવાસી મજૂરણ ગાંધીનગરની એક દુકાને ગઇ, તેણે ૧૦૦ ગ્રામ તેલ માગ્યું, પેલા દુકાનદારે ઘસી ના પાડી દીધી. છૂટક કે પરચૂરણ માલ અને ચીજવસ્તુથી રોજેરોજ જીવતી આવી ગરીબ પ્રજાની વસ્તી ઓછી નથી... તે પાંચ, દસ અને વીસ રૂપિયાનો ખર્ચ કરીને કશું ખરીદી ના શકતી હોય તો તે જીવે કઇ રીતે?

આનો જવાબ એર કંડીશન્ડ ઓફિસમાંથી ગરીબીના ફતવા બહાર પાડનાર આયોજન પંચનાં કાયમી (કાયમી એટલા માટે કે કોઇ પણ સરકાર હોય આ મહાનુભાવ જ આયોજન પંચને સંભાળતા આવ્યા છે!) અહલુવાલિયા આપી શકે તેમ નથી. તેના અભિપ્રાય મુજબ તો ૧૩ રૂપિયાથી વધુ નાણા હોય તે 'ગરીબ' ના કહેવાય!

દ્વાદશ જ્યોર્તિલિંગનું સ્મરણ કરાવતું વૈજનાથ મહાદેવ- વાસણિયા મહાદેવ

આપણા જિલ્લાનાં પ્રવાસધામો
- ભાનુપ્રસાદ એસ. દવે

ઉત્તર ગુજરાતના લોકજીવનમાં શ્રધ્ધેય સુપ્રસિધ્ધ દ્વાદશ જયોર્તિલિંગનું પવિત્ર સ્મરણ કરાવતું વાસણિયા મહાદેવ- વૈજનાથ મહાદેવ ગાંધીનગર જિલ્લાના તીર્થધામ તરીકે ગૌરવાન્તિ છે.

ગાંધીનગરથી ૧૨ કિમીના અંતરે આવેલું આ શિવાલય કેટલાંય સૈકાઓ પહેલાં ઈંટ-ચૂનાથી નિર્મિત થયેલું છે. અનેક દંતકથાઓ સાથે સંકળાયેલા આ પ્રાચીન શિવતીર્થમાં ભાવિકને શિવ સ્વરૂપમાં રોગમુક્ત કરનાર વૈદ્યનાથના દર્શન થતાં વૈદ્યનાથ.. વૈજનાથ નામ અપાયું પણ વાસણ ગામના ગોદરે આવેલું આ શિવતીર્થ ગામ 'વાસણ'ના નામ ઉપરથી લોકજીવનમાં તો વાસણિયા મહાદેવ તરીકે જ શ્રધ્ધેય છે.

એક દંતકથા પ્રમાણે રાંધેજા ગામના ખેડૂત ભાવદાસને શારીરિક સ્વાસ્થ્ય સથવારો આપતું ન હતું. આ માટે તેઓ માત્ર ગાયનું દૂધ પીતો. ભાવદાસની ગાય ગોધણ સાથે સીમમા ચરવા જતી. વન વગડામાં એક સ્થળે ઉભી રહેતી. ત્યારે આંચળમાંથી દૂધની ધાર વહેવા લાગતી આ ધારા ધરતી સોંસરી ઉતરી જતી. એકવાર ગાયો ચરાવા લઈ જતાં રબારીએ દૂધની ધારા વહાવતી ગાયને હટાવવા લાકડી

ઉગામી. ત્યારે દિવ્યનાદ થયો. ગાયનો પગ જમીનમાં ખૂપી ગયો. ભાવદાસને કલ્યાણકારી શિવ સ્વરૂપના દર્શન થયા અને ગાયને સ્પર્શ કરતાં ભાવદાસ રોગમુક્ત થયા. સ્વાસ્થ્ય પ્રાપ્ત થયું. આથી ભાવદાસે શિવ સ્વરૂપને વૈદ્યનાથ મહાદેવ તરીકે સંબોધ્યા. આ સ્થળ સમય જતાં ઉત્તર ગુજરાતની લોકબોલીમાં 'વાસણિયા મહાદેવ' તરીકે પ્રસિધ્ધ થયું.

વૈજનાથ તરીકે ઓળખાતા શિવાલયો આન્ધ્ર પ્રદેશમાં હૈદરાબાદ પાસે, બંગાલમાં સાંથાલ પરગણામાં દેવગઢ પાસે, પંજાબમાં કિરા ગામમાં, ગુજરાતમાં ડભોઈ અને વાસણ ગામમાં વૈદ્યનાથ-વૈજનાથ મહાદેવ છે. વૈજનાથ મહાદેવની રચના શિલ્પ અને સ્થાપત્ય વિશે જે પ્રમાણો પ્રાપ્ત થાય છે. તે મુજબ આ શિવાલયનું નિર્માણ સવંત ૮૦૨ની આસપાસ થયું. તેની રચના રૂદ્ર મહાલયની રચના અનુસાર છે. તેથી ગુજરાતમાં સોલંકી યુગમાં નિમાર્ણ પામ્યું હોવાના સમર્થન છે.

સુલતાન મહંમદ ગઝનવીએ સોમાનાથ મંદિરને લૂંટ્યા પછી ફરતાં ગુજરાતના વિવિધ સ્થળોએ તેને પડકારવામાં આવ્યો. 'અભેસિંગ પવાડા' લોકકથામાં અભેસિંગ નામના જવામર્દે મહંમદ ગઝનવીના લશ્કરને 'વસનપુર' પાસે લલકાર્યુ હોવાનું જણાવ્યું છે. વસનપુર- વાસન- વારૂણ વાસણિયા મહાદેવ એવું પ્રતિપાદન થાય છે. વૈજનાથ મંદિરના દ્વારા મસ્જિદના મિનારા આકારના દૃષ્ટિગોચર થાય છે. રત્ન મણિરાવ જોટેના જણાવ્યા મુજબ મુસ્લિમ ઝનૂનથી દેવમંદિરોને રક્ષવા મંદિરના આગળના આકારમાં દૂરથી મસ્જિદના મિનારા હોય તેમ જણાય તેથી વિધર્મીઓ તેનું ખંડન કરે નહી. આ હેતુસર આવું સુચક નિર્માણ થતું હશે.

અનેક તોફાનો કે વાવાઝોડા- વરસાદનો સામનો કરી રહેલાં સૈકાવો પહેલાં ઈંટ - ચૂનાથી નિર્મિત વાસણિયા મહાદેવની ધજા ઉન્નત રહી છે. મંદિર પુરાતન કથાકારનું છે. ૧૧૧ સ્તંભોવાળું તથા ૮૪ દ્વારા વાળું છે, અગિયાર માળ ધરાવતાં આ મંદિરના સાત માળ ઉન્નત છે. ચારમાળ નીચે હોવાનું જણાય છે.

શિવાલયની રચના વાસ્તુશાસ્ત્ર અનુસાર કરવામાં આવ્યું છે. પ્રથમ માળે આવેલી ચારે બારીઓની રચના વિશિષ્ટ છે. બાફના વાતાવરણમાં પણ પવનની લહેરખીની અનુભૂતિ કરાવે છે. અહીં જમણી સૂંઢવાળા ગણપતિની અલભ્ય મૂર્તિ મહારાજ ગાયકવાડે પ્રસ્થાપિત કરી છે. નંદી સાથે તેમની પત્ની ગાંધારીનીની મૂર્તિ છે. પાર્વતીની મૂર્તિના ગોખ સમીપ નાનકડી અનુપમ વિષ્ણુ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. અહીં શિવજીનાં લગ્નની જાન, લક્ષ્મીજી, ગણેશજી અને મોગલ શૈલીનાં ચિત્રો નિરૂપાયા છે. મુખ્ય પીઠિકાની ચોતરફ દ્વાદશ જયોર્તિલિંગ પ્રસ્થાવિત કરાયાં છે. અને તેનું વર્ણન પણ આપ્યું છે. સામાન્ય રીતે શિવજીનાં મંદિરે ભગવી ધ્વજા ફરફરે છે. અહીં શ્વેત ધ્વજા ફરકે છે. મહાદેવનાં આંગણે ૫૧ ફૂટ ઉંચી હનુમાનજીની મૂર્તિ રચવામાં આવી છે જે તેમના વિરાટ સ્વરૂપની પ્રતિતી કરાવે છે. શ્રાવણ માસમાં તો અહિં હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે. અને વાસણિયા મહાદેવનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આ સાપ કુશળતાથી વૃક્ષો ઉપર ચઢીને હરી ફરી શકે છે, પરિણામે જમીન ઉપરાંત વૃક્ષો પર પણ તેનો આતંક ફેલાયેલો છે

બ્રાઉન ટ્રી સ્નેકનો આતંક

કેટલીક જીવજાતિઓ 'એલીયન' તરીકે ઓળખાય છે. આ એવા અનુકૂલિત થયેલો જીવો હોય છે કે જે પોતાનો મૂળ કુદરતી વાસ વિસ્તાર છોડીને અગાઉ જયાં કદી તેમની હયાતી ન હતી તેના અજાણ્યા નવા વિસ્તારમાં વસવાટ કરવા લાગે છે.

'એલીયન' ને આપણે અન્ય પ્રદેશ વાસી તરીકે ઓળખીએ છીએ તે ઉપરાંત તે એકઝોટીક, ઈન્ટ્રોડયુસ કે ઇનવેસીવ જાતિ તરીકે પણ ઓળખાય છે. આવા જીવો જયારે નવા વિસ્તારમાં જાય છે ત્યારે ત્યાં સારી રીતે સ્થાઈ થઈને અતિશય વૃધ્ધિ કરવા લાગે છે. નવા વિસ્તારોમાં તેમના કોઈ હરીફ કે ભક્ષક હોય તેવા જીવો હોતા નથી. ઉપરાંત તેમને લાયક ખોરાક બને તેવા ભક્ષ્ય જીવો ભરપૂર માત્રામાં ઉપલબ્ધ હોય છે. આવા આદર્શ વિસ્તારમાં 'એલીયન' જીવજાતિઓ સ્થાનિક જીવજાતિઓને હટાવીને પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી દે છે અને એકચક્રી શાસન સ્થાપી દે છે તેમ કહીએ તો ખોટું નથી.

'બ્રાઉન ટ્રી સ્નેક' નું નામ સાંભળતાં જ 'ઇનવેસીવ' - આક્રમણકારી કે 'એલીયન' જીવ તરીકેનું સફળ ઉદાહરણ યાદ આવી જાય. આ સાપે આજે વૈજ્ઞાનિક જગતને ચિંતાજનક સ્થિતિમાં મુકી દીધેલ છે.

'બ્રાઉન ટ્રી સ્નેક - કથ્થાઇ વૃક્ષશાસ્ત્ર સાપ' નું વૈજ્ઞાનિક નામ છે. 'બોઇંગા ઇરેંગુલારીંસ' (**Boiga irregularis**) તેનું મૂળ વતન છે. ઑસ્ટ્રેલિયાનો ઉત્તર પૂર્વીય દરિયા કાંઠો, ઇન્ડોનેશિયા અને પપુઆ ન્યુગીની. હાલમાં આ સાપે પેસિફિક મહાસાગરા ગુઆમ ટાપુ પર ચીનના મહા ભયાનક ડ્રેગોન સાપની યાદ અપાવી જાય તેવો આતંક ફેલાવ્યો છે.

બીજા વિશ્વયુધ્ધ બાદ બ્રાઉન ટ્રી સ્નેક અજાણતાં જ તેના વતન એવા સાઉથ પેસિફિકના પપુઆ ન્યુગીની થી અમેરિકન મીલેટરીના એક જહાજ મારફતે ગુઆમ ટાપુ પર આવી ગયો. વર્ષ ૧૯૫૦માં આ સાપની આ ટાપુ પર પ્રથમ હાજરી નજરે પડી. પરંતુ છેલ્લા ૬૦ વર્ષમાં આ સાપે સમગ્ર ગુઆમ ટાપુને પક્ષી વિહોણો કરી નાંખ્યો.

ગુઆમ ટાપુની લંબાઈ ૩૦ માઇલ અને પહોળાઈ ૫ થી ૧૦ માઈલની છે. આ ટાપુનો વિસ્તાર ૩૮૦૦ ચોરસ માઇસ જેટલો છે. આ ટાપુ પર સ્થાનિક વસવાટ કરતાં મૂળ એક જ સાપની જાતિ અસ્તિત્વ ધરાવતી હતી. બ્રામણી કુળના અંધ સાપ કે જેને ઘણાં લોકો અસળિયું માનવાની ભૂલ કરે છે તેવા આ સાપ જમીનની અંદર રહીને ઉધઈનાં ઈંડા વગેરેનો ખોરાક લે છે. જમીનની સપાટી પર ભાગ્યે જ સ્થાનિક વસાહતી સાપની ઉપસ્થિતિ જોવા મળે છે.

આજે ગુઆમ ટાપુ પર બહારથી આવેલ વિદેશી સાપ 'બ્રાઉન ટ્રી સ્નેક' એક ચોરસ માઇલ વિસ્તારમાં ૩૦૦૦ થી વધુની સંખ્યામાં ફેલાવો ધરાવે છે. ટાપુના કેટલાંક ભાગોમાં તેની વસ્તી અધધ કહી શકાય તેવી એક ચોરસ કિલોમીટરે ૧૦,૦૦૦ જેટલી પણ સંખ્યા નોંધાઈ છે. આ ટાપુ પર કોઈ સાપ કે અન્ય જીવ તેનું હરીફ નથી. તેના મૂળ વતનમાં ૩ થી ૬ ફૂટની લંબાઈનો આ સાપ થાય છે. ગુઆમ ટાપુ પર તે ક્યારેક ક્યારેક ૧૦ ફૂટની લંબાઈના પણ જોવા મળે છે. દેડકા, ગરોળીઓ, બોડીબામણી, નાના સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ અને તેમના ઈંડા વગેરે આ સાપનો મુખ્ય ખોરાક છે.

ગુઆમ ટાપુ પરના સ્થાનિક પ્રાણી (જીવો) નો ઉત્ક્રાંતિનો ઇતિહાસ અન્ય કોઇ પણ ભક્ષક પ્રાણીની ઉપસ્થિતિ વગર વીત્યો. કોઇ પણ પ્રકારની હરિફાઇ ન હોવાથી અહીંના જીવો માટે આ ટાપુ સ્વર્ગ સમાન બની ગયેલો હતો. આજે એ સ્થિતિ છે કે ભક્ષક એવા 'બ્રાઉન ટ્રી સ્નેક' ના આગમન બાદ બધા જ પ્રકારના કરોડરજ્જુવાળા જીવો ભય હેઠળ આવી ગયા છે. પક્ષીઓ મોટા પ્રમાણમાં ઘટી જવાથી હવે 'બ્રાઉન ટ્રી સ્નેક' લીઝાર્ડસ્ - વિવિધ પ્રકારની ગરોબીઓ અને નાના સસ્તન પ્રાણીઓનો સફાયો કરી રહ્યાં છે.

આ સાપ કુશળતાથી વૃક્ષો ઉપર ચઢીને હરીફરી શકે છે. પરિણામે જમીન ઉપરાંત વૃક્ષો પર પણ તેનો આતંક ફેલાયેલો છે. માનવ વસાહતોમાં લાઇન થાંભલાને વૃક્ષ સમજીને આ સાપ દિવસ દરમિયાન સૂર્યના તડકામાં આરામ કરે છે. આ દરમિયાન વીજળીના જોડાણમાં ક્ષતિ ઉભી થવાથી વીજળી બંધ થઇ જાય છે. અને અવારનવાર અંધાર પટ છવાઇ જાય છે. પ્રતિ ત્રણ દિવસે એક વાર સાપના કારણે ટાપુ પરનો વીજપ્રવાહ ખોરવાવાની ઘટના બને છે અને આ કારણે વાણીજય સંસ્થાઓ, લશ્કરી પ્રવૃત્તિઓ અને ઘરોમાં વીજળીના અભાવે નુકશાન થઇ રહ્યું છે.

આ સાપ ઝેરી છે, પરંતુ તેના દાંત અન્ય ઝેરી સાપ જેવા પોલા નથી પણ ગીસી (ફાટ) વાળા છે. અને દાંત જડબામાં પાછળના ભાગે હોવાથી તે માનવોને સરળતાથી કરડી શકતાં નથી. આ સાપ સ્વભાવે ઉગ્ર હોવાથી તે વારંવાર કરડવાની ઘટનાઓ નોંધાય છે, પરંતુ તેની દાંતની બનાવટની મર્યાદાને કારણે મોટા માણસો કરતાં બાળકોને તે વધુ હાનિકારક નિવડે છે. તેની કરડવાની ટેવ તથા મોટી સંખ્યાને કારણે લોકોમાં આ સાપથી ઘણો ભય ફેલાયેલો છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૨મી એપ્રિલ જ્ઞાનરત્નાકર સંસ્કૃતના અધ્યાપક ડો. નોર્મલ બ્રાઉનની પુણ્યતિથિ

અમેરિકાના સંસ્કૃત ભાષાના આદરણીય વિદ્વાન જ્ઞાન રત્નાકર ડો. નોર્મલ બ્રાઉનની આજે પુણ્યતિથિ.

ભારત-અમેરિકા મૈત્રી દૃઢ કરવામાં મહત્ત્વનો ફાળો આપનારા આ સંસ્કૃતના અધ્યાપકે 'કલ્પસૂત્ર', 'ઉત્તરાધ્યાયસૂત્ર', 'ધી વસંતવિલાસ', 'મહિમ્નસ્તવન', 'મેન ઇન ધી યુનિવર્સ' જેવા નોંધપાત્ર લખાણો લખીને. ભારતીય સંસ્કૃત-કલા સાહિત્યનો પ્રચાર - પ્રચાર કર્યો.

- *૧૯૭